CREATIVE માઈન્ડ્સ

સુરતીઓ એન્ટિક અને કલાત્મક વસ્તુઓના કલેક્શનનો પણ ગજબનો શોખ ધરાવે છે. એન્ટિક સિક્કા, જુના સ્ટેમ્પ, કરન્સી નોટ્સ તે ઉપરાંત વર્ષોને વર્ષો જુના તાંબા, પિત્તળના વાસણો, એન્ટિક ફર્નિચર, ગ્રામોફોનની રેકર્ડ્સ મેળવી તેનાથી પોતાના ઘરની સજાવટ કરે છે. આજે ગણેશજીની હજારો પ્રતિમાઓનું વિસર્જન થવાનું છે ત્યારે આપણે એક આર્કિટેક્ટ પાસે ગણેશજીની અલગ અલગ સ્વરૂપની એકદમ અલગ અકલ્પનિય મૂર્તિઓનું સરસ એવા કલેક્શન તથા તેમણે આ મૂર્તિઓ કયાં ક્યાંથી મેળવી છે તે વિશે વાત કરીએ....



# ગણપતિ બાપ્પાની વિવિધ મૂર્તિઓની મન મોહી લેતી અનોખી દુનિયા

## અડધા ઈંચથી લઈને 10 ઈંચ સુધીની ગણેશજીની 60 અનોખી મૂર્તિઓ

કર્ણાટક, સાઉથ ઇન્ડિયન, મહારાષ્ટ્રના પુણેના દગડુ શેઠના સ્વરૂપની ગણેશજીની મૂર્તિ ઉપરાંત ગુજરાતી ફોર્મની અને ઇન્ડોનેશિયન સ્ટાઈલની ગણેશજીની 60 જેટલી આકર્ષક મૂર્તિઓનું કલેક્શન છે. મોટાભાગની મૂર્તિઓ 80થી 90 વર્ષ જૂની છે. તેમાં કાંસાની ત્રણથી ચાર, કોપર (તાંબા)ની 15થી 20 અને બ્રાસની 25થી 30 મૂર્તિઓ છે. આ ઉપરાંત સીરામીક, ગ્રેનાઇટના પથ્થર, માર્બલ, ચાંદીની મૂર્તિઓ અલગ અલગ સ્થળો પરથી મેળવી છે. આ મૂર્તિઓ અડધો ઈંચ (10 સે.મી. ) થી લઈને 10 ઈંચ સુધીની છે.



## બેઠેલા ગણેશજીના સ્વરૂપની તાંબાની ફિંગર રિંગ છે આકર્ષક

જીગ્નેશભાઈ પાસે ગણેશજીની પ્રતિમાઓના અનોખા કલેક્શનમાં એક પ્રતિમા અનોખી તરી આવે છે. ફિંગર રિંગમાં ગણેશજીની મૂર્તિ છે. આ વીંટી 30 વર્ષથી વધુ જૂની છે અને તે મૈસુરમાંથી ખરીદવામાં આવી હતી. તે કોપરની છે અને કોપર શરીર માટે ફાયદાકારક ધાતુ ગણાય છે. જીગ્નેશભાઈ આ ફિંગર રિંગ ધાર્મિક ફેસ્ટિવલ્સમાં રોજ પહેરે છે.

## જમણી સૂંઢના ગણેશજીની 10 મૂર્તિઓ

ડાબી સૂંઢવાળા ગણેશજી વિઘ્નવિનાશક કહેવાય છે. તેમની ઘરમાં સ્થાપના કરવાથી ઘરમાં સુખશાંતિ અને સમૃદ્ધિ આવે છે. જ્યારે જમણી સૂંઢવાળા ગણેશજીને સિદ્ધિવિનાયક સ્વરૂપ માનવામાં આવે છે. સામાન્ય રીતે મંદિરો કે ખાસ ધાર્મિક સ્થળો પર જમણી સૂંઢના ગણપતિ વધારે જોવા મળે છે. જીજ્ઞેશભાઈના ઘરમાં જમણી સૂંઢના ગણેશજીની 10 જેટલી મૂર્તિઓ છે જે કલેક્શનના ઉદ્દેશ્યથી રાખવામાં આવી છે.



## શિવ પંચાયત (શિવ પરિવાર) સ્વરૂપની મૂર્તિ ટ્રાઇબલ ફોર્મમાં છે

શિવ પંચાયત એટલે કે ભગવાન શિવના પરિવાર સ્વરૂપની ત્રણ જેટલી 80થી 90 વર્ષની મૂર્તિઓ છે. શિવ પરિવારમાં શિવલિંગમ, પાર્વતીજી, નંદી, પ્રસાદ સાથેના ગણેશજીની પ્રતિમા મનને હરી લેનારી છે. આ બ્રાસની બનેલી મૂર્તિઓ ટ્રાઈબલ ફોર્મમાં છે.




## શ્રી ગણેશ પ્રત્યે આસ્થાને કારણે 30 વર્ષથી અનોખી મૂર્તિઓના સંગ્રહનો શોખ



આર્કિટેક્ટ જીગ્નેશભાઈ ઠક્કરને 30 વર્ષથી ગણેશજીની અલગ અલગ પ્રકારની અનોખી મૂર્તિઓના કલેક્શનનો શોખ છે. તેમણે જણાવ્યું કે, દુંદાળા દેવ ગણેશજી પ્રત્યે પહેલાથી જ આસ્થા અને શ્રધ્ધાને કારણે મેં તેમની 60 જેટલી મૂર્તિઓ વિદર્ભ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, ચેન્નાઇ, મૈસુર, પુણેથી મેળવી છે. મારા ઘરે ગણેશ ભગવાનની કૃપાથી 17 વર્ષ પહેલા ગણેશ ઉત્સવના ત્રીજા દિવસે દીકરાનો જન્મ થયો હતો એટલે મને તેમની મૂર્તિઓ મેળવવાનો શોખ વધારે જાગ્યો. મારી પાસે બે ભુજાથી લઈને 8 ભુજા સુધીની ગણેશજીની મૂર્તિઓ છે. ઘરમાં રાખવામાં આવેલી તમામ મૂર્તિઓની કાળજી મારી પત્ની શિવાની લે છે.

## હાર્મોનિયમવાળી મૂર્તિ છે 60 વર્ષ જૂની

ગણેશજીની અનોખી મૂર્તિઓમાં હાર્મોનિયમ વગાડતા ગણેશજીની 60 વર્ષ જૂની મૂર્તિ મનને મોહી લેનારી છે. લાકડાની વિવિધ કલરની આ મૂર્તિ પોન્ડીચેરીથી 15 વર્ષ પહેલા મેળવી હતી. આ ઉપરાંત 70થી 80 વર્ષ જૂની નક્કર ચાંદીની એકથી દોઢ ઈંચની શ્રીજીની મૂર્તિ પણ આકર્ષણનું કેન્દ્ર છે. ઈબની વુડ (સીસમ), કર્ણાટક રિજ્યન કોપરની મૂર્તિ જેમાં માથાની પાછળ નાગ છત્ર મૂર્તિઓ આકર્ષક છે.



# અહા! આ કોફીને પી પણ શકાય અને આઈસ્ક્રીમની જેમ ખાઈ પણ શકાય

FOOD ફંડા

સુરતીઓમાં હવે કોફી માત્ર સ્વાદ પૂરતી સીમિત નથી રહી પણ, તેનું પ્રેઝન્ટેશન, ટેમ્પરેચર અને પીવાનો અનુભવ એક અલગ ટ્રેન્ડ બની રહ્યો છે. તમે આઈસ્ડ કોફીની મજા તો લીધી જ હશે. તેનો એક ઘૂંટડો પણ ગળા નીચે ઉતરે એટલે એકદમ ચિલ થયાનો અનુભવ મળે છે. હવે આનાથી પણ ઠંડી Dirty Coffee-86° C ટ્રેન્ડિંગ બની છે. આ ડર્ટી કોફી ચાર ફ્લેવરમાં માણવા મળે છે. આ કોફી શું છે? શું કોફીને -86 ડિગ્રી સેલ્સિયસમાં ચિલ્ડ કરવામાં આવે છે કે પછી કોફી સાથે સંકળાયેલી કોઈ બીજી વસ્તુને આ રીતે ચિલ્ડ કરાય છે, તેને અલગ જ પ્રકારના ફ્રીઝરમાંથી કઈ રીતે બહાર કાઢવામાં આવે છે, -86 ડિગ્રી ઠંડા તાપમાનમાં શું કોફી આઈસ્ક્રીમ બની જાય છે તો તેને કઈ રીતે પી શકાય? ચાલો આ ડર્ટી કોફી વિશેની કૂલ વાતોથી તેનો અનુભવ મેળવીએ.....




## -86 ડિગ્રી ઠંડા તાપમાનમાં ચિલ કરેલી ડર્ટી કોફી કેવી હોય છે?

જય જીવાણીએ જણાવ્યું કે, થાઈલેન્ડ, જાપાન, ચીનમાં આ કોફી ખાસ્સી લોકપ્રિય બની છે. હવે તે સુરતમાં પણ ટ્રેન્ડિંગ બની રહી છે. કોફી નહીં પણ તેનો ગ્લાસ અલગ પ્રકારના ફ્રિઝર મશીનમાં -86 ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ચિલ કરવામાં આવે છે. આ ગ્લાસને હાથથી ફ્રીઝરમાંથી કાઢી નથી શકતા તેને કાઢવા માટેનો ચીપિયો પણ અલગ જ પ્રકારનો હોય છે. ગ્લાસમાં દૂધ અને એસ્પ્રેસો શૉટ અને મોકા, માચા એડ કરીને કોફી લવર્સને સર્વ કરાય છે. આમાં ગ્લાસ આકર્ષણનું કેન્દ્ર બને છે. ગ્લાસની બહારની સપાટી પર બરફના કણ જામેલા હોય એટલે તેનો લુક જ આકર્ષક હોય છે.

## કોફીને પી પણ શકાય અને આઇસક્રીમની જેમ ખાઈ પણ શકાય

ચિલ કરાયેલા ગ્લાસમાં નીચે કોફી જામી જાય છે અને ઉપર લિક્વિડ સ્વરૂપ રહે છે. એક જ કપમાં બે અનુભવ મળે છે. પહેલા સ્ટ્રોથી કોફીનો સીપ લેવાની પછી સ્પૂનથી આઈસક્રીમની જેમ કોફીને ખાઈ શકાય. ઠંડો અને ગરમ બંને અનુભવ આ કોફીમાં મળે છે. જોકે, ઉપરની કોફી તરત પી લેવી પડે નહીં તો નીચે આઈસક્રીમના સ્વરૂપની કોફી પીગળવા લાગશે.




## ચાર ફ્લેવરમાં મળે છે ડર્ટી કોફી

એકદમ ચિલ ડર્ટી કોફી સુરતમાં ચાર ફ્લેવરમાં કોફી લવર્સને સર્વ કરવામાં આવી રહી છે. કેપેચિનો, માચા, મોકા અને લાટે ફ્લેવરની ડર્ટી કોફી પીવાનો સુરતીઓ અત્યારે એક્સપિરિયન્સ લઈ રહ્યા છે. ચિલ્ડ કોફી સાથે સુરતીઓને સેલ્ફી લેવાની પણ મજા આવી રહી છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**


# નાચીએ છીએ ઢોલના તાલે, પણ આંસુ કહે છે ‘પુઢચ્યા વર્ષી લવકર યા’




**ઢોલના તાલે સૌ નાચે, બાપાની વિદાય વેળા, ઉત્સાહ અને ભક્તિનો મેળો, ભર્યા છે આંખમાં આંસુડા. મુખે જયઘોષ, મનમાં વિરહ, સજી છે વિશાળ યાત્રા, દુઃખ સાથે દેવ પધાર્યા, પૂરી થઈ ગણેશની જાત્રા. આવતા વર્ષે વહેલા આવજો, આજીજી મારી સાંભળો બાપા, અંતિમ દર્શને ભાવ વહે, નમીએ ચરણે સઘળા.**

**આજે સુરતમાં અનંત ચર્તુદશીના દિવસે ગણેશ વિસર્જન એટલે ભક્તિ, શિસ્ત અને અસીમ ઉત્સાહનો ત્રિવેણી સંગમ. લાખો ભાવિકો અબાલ-વૃદ્ધ સૌ સાથે મળીને બાપાને ભાવભીની વિદાય આપવા રાજમાર્ગ પર ઊમટી પડે છે. માતાઓ, બહેનો અને બાળકો નિર્ભય બનીને ઢોલ-મંજીરાના તાલે અને અબીલ-ગુલાલની છોળો વચ્ચે ગણપતિ બાપાના રથ આગળ નાચતા જોવા મળે છે. વહીવટી તંત્રનું સુવ્યવસ્થિત આયોજન, નિયત સમયપત્રક અને ચોક્કસ રૂટના કારણે હવે વિસર્જન યાત્રા ગણતરીના કલાકોમાં અત્યંત શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય છે. શ્રદ્ધાળુઓ સાંજ ઢળતાં સુધીમાં બાપાની મૂર્તિનું વિસર્જન કરી સંતોષ સાથે પોતાના ઘરે પરત ફરે છે.**

# સુરત ગણેશોત્સવ સમિતિને સો સલામ...




આજથી ચાર-પાંચ દાયકા પહેલાંનો સમય યાદ કરીએ તો ચિત્ર સાવ ઊંધું અને બિહામણું હતું. એ સમયે વિસર્જન એ શ્રદ્ધાનો ઉત્સવ ઓછો અને અસામાજિક તત્વો માટે વર્ચસ્વ સાબિત કરવાનો અખાડો વધુ બની ગયો હતો. બાપાની ભક્તિના ઓઠા હેઠળ શહેરના માથાભારે તત્વો દાદાગીરી અને અરાજકતા ફેલાવતા. ભાગળના ઐતિહાસિક રાજમાર્ગ પરથી કયા મંડળના ગણપતિ પહેલાં પસાર થશે, તે માટે જૂથો વચ્ચે ખુલ્લી હુંસાતુંસી અને હિંસક અથડામણો થતી. વિસર્જન સરઘસમાં પ્રતિષ્ઠાના નામે અહં ટકરાતા અને તલવારો કે સોડા બોટલો ઊછળતી.

આવા દહેશતભર્યા વાતાવરણમાં મહિલાઓ અને બાળકો વિસર્જનમાં જતાં પણ થરથર કાંપતા. ભીડભાડમાં સ્ત્રીઓ પર ગુલાલ અને ચોકલેટો ફેંકી હેરાનગતિ કરવામાં આવતી અને છેડતીના બનાવો સામાન્ય થઈ ગયા હતા. પરિણામે પરિવારો પોતાના ઘરના દરવાજા અને બારીઓ બંધ કરીને બેસી રહેતા. એટલું જ નહીં, મૂર્તિઓ આગળ વધારવાને બદલે અહંની લડાઈમાં કલાકો સુધી રસ્તાઓ રોકી રખાતા. સાથોસાથ તાપી કે દરિયામાં ભરતી-ઓટના સમયનું કોઈ નિયમન ન હોવાથી આ આખી પ્રક્રિયા ૨૪ કલાકથી લઈને છેક ૭૨ કલાક સુધી ખેંચાતી. બીજા-ત્રીજા દિવસની બપોર સુધી આખો સુરત જિલ્લો અને પોલીસ તંત્ર ભય અને અનિદ્રાના માહોલમાં બંધક બની જતાં.

આ અરાજકતા અને અસલામતીને નાથવા માટે સુરત પોલીસ તંત્ર અને પ્રબુદ્ધ નાગરિકો આગળ આવ્યા અને ‘સુરત ગણેશોત્સવ સમિતિ’ની સ્થાપના કરવામાં આવી. આ સમિતિ અને પોલીસે સાથે મળીને કડક નીતિ-નિયમોનું માળખું ઘડી કાઢ્યું, જેથી વિસર્જન ફરીથી એક પવિત્ર લોકોત્સવ બની શકે. સૌથી મોટો નિર્ણય સાર્વજનિક ગણેશ મંડળો માટે ફરજિયાત નોંધણી અને પરમિટ પ્રક્રિયા દાખલ કરવાનો હતો. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે દરેક મંડળને વિસર્જન યાત્રા માટે ચોક્કસ રૂટ ફાળવવામાં આવ્યા, જેથી શહેરમાં ટ્રાફિક જામ કે બે જૂથો વચ્ચે ઘર્ષણની પરિસ્થિતિ ન સર્જાય.




આ ઉપરાંત, ભીડ નિયંત્રણ માટે મૂર્તિઓની ઊંચાઈ મુજબ વ્યવસ્થા કરવામાં આવી. નિયમ બનાવવામાં આવ્યો કે પાંચ ફૂટથી મોટી તમામ પ્રતિમાઓનું વિસર્જન ફરજિયાતપણે ડુમસના દરિયાકિનારે જ કરવું પડશે, જેનાથી તાપી નદીના ઓવારાઓ પરનું ભારણ ઘટ્યું. વિસર્જન સમયસર પૂર્ણ થાય તે હેતુથી સમિતિએ એક અસરકારક ધાર્મિક જાગૃતિ ફેલાવી કે શાસ્ત્રો અનુસાર સૂર્યાસ્ત પછી ગણેશ વિસર્જન કરવું નિષેધ છે. સાથોસાથ, પોલીસ અધિકારીઓ આગલા દિવસથી જ સ્થાનિક મંડળો સાથે બેઠકો યોજી, સમજાવટથી તેમને વહેલી સવારે જ વિસર્જન યાત્રા શરૂ કરવા પ્રેરિત કરવા લાગ્યા. આ નિયમોના ચુસ્ત પાલને સુરતના વિસર્જનનો નકશો બદલી નાખ્યો.

હવે તો વ્યવસ્થા એટલી સુધરી ગઈ છે કે નિયમો માત્ર કાગળ પર ન રહે તે માટે સુરત ગણેશોત્સવ સમિતિએ એક અનોખી કાર્યપદ્ધતિ અમલમાં મૂકી છે. સમિતિ પોતાના તરફથી મહારાજ (પૂજારી), ટ્રક અને સ્વયંસેવકોની વિશેષ ટીમો સ્ટેન્ડબાય રાખે છે. જો કોઈ મંડળ પોતાને ફાળવેલા નિશ્ચિત સમયે વિસર્જન યાત્રા શરૂ ન કરે કે ઢીલ કરે, તો સમિતિની ટીમ તાત્કાલિક તે પંડાલ પર પહોંચી જાય છે. ત્યાં વિધિવત પૂજા-અર્ચના સંપન્ન કરી, ગણપતિ બાપાને પોતાની ટ્રકમાં બિરાજમાન કરાવીને સીધા વિસર્જન માટે રવાના કરી દે છે, જેથી આખા શહેરની વિસર્જન પ્રક્રિયામાં ક્યાંય અવરોધ ન ઊભો થાય.

**ચાર દાયકા પહેલાં વર્ચસ્વ અને ભયની બંધક બનેલી સુરતની ગણેશ વિસર્જન યાત્રા આજે શિસ્ત, ટેક્નોલોજી અને અતૂટ લોકશ્રદ્ધાનો સુવર્ણ ઉત્સવ બની ગઈ છે. જેના માટે આપણે સૌ સુરત શહેરવાસીઓ “સુરત ગણેશોત્સવ સમિતિ”ના ઋણી છીએ**

નિયમો બન્યા છતાં ‘પહેલા કોણ નીકળશે’નો અહં ઓગળતો નહોતો. તે જમાનામાં મુંબઈના લાલબાગચા રાજાની માફક સુરતમાં હિન્દુ મિલન મંદિરની ગણેશ પ્રતિમા સૌથી છેલ્લે વિસર્જિત થવાની પરંપરા અને મોભો ધરાવતી હતી. પરંતુ શહેરમાં વધતી અરાજકતા ડામવા મંદિરના સંતો-અગ્રણીઓએ પ્રતિષ્ઠાનો મોહ ત્યાગી ઐતિહાસિક નિર્ણય લીધો. તેમણે પરંપરા બદલીને છેલ્લે નહીં, પણ સૌથી પહેલી સવારે સાડા સાતથી સાડા આઠ વાગ્યાના અરસામાં વિસર્જન યાત્રા શરૂ કરી દીધી. હિન્દુ મિલન મંદિરના આ અભૂતપૂર્વ ત્યાગ અને પગલાંએ આખા શહેરના મંડળો માટે શિસ્ત અને સમયપાલનનો કાયમી દાખલો બેસાડી દીધો.

વારસાની વરિયાળી

**આધુનિક ટેક્નોલોજી અપનાવી સુરત ગણેશોત્સવ સમિતિ ૫ ફૂટથી મોટી તમામ પ્રતિમાઓ પર GPS ડોંગલ લગાવે છે. કંટ્રોલ રૂમ દ્વારા દરેક રથનું રિયલ-ટાઇમ ટ્રેકિંગ થાય છે, જેથી રૂટ અને ટ્રાફિક વ્યવસ્થા પર જીવંત નજર રાખી શકાય છે.**